મોટા વરાછામાં મલ્ટિપ્લેક્સમાં કરંટ લાગતાં ઇલેક્ટ્રિશિયનનું મોત

સુરતઃ મૂળ ઉત્તર પ્રદેશના વતની અર્જુન બીકાઉ યાદવ મોટા વરાછા ડી-માર્ટ રોડ પર આવેલા સિનેજા મલ્ટિપ્લેક્સમાં ઇલેક્ટ્રિશિયન તરીકે ફરજ બજાવતો હતો અને સ્ટાફ રૂમમાં રહેતો હતો. તે વતનમાં રહેતી પત્ની અને ત્રણ પુત્રના ભરણપોષણ માટે અહીં નોકરી કરતો હતો. ગઈકાલે સાંજે ઇલેક્ટ્રિક મેન્ટેનન્સ દરમિયાન એમસીબી સ્વીચને હાથ અડકતાં તેને વીજ કરંટ લાગ્યો હતો. તેને સ્મીમેર હોસ્પિટલ ખસેડતા તબીબે તપાસી તેને મૃત જાહેર કર્યો હતો. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મિત્રના ઘરે રોકાણ દરમિયાન યુવકને સર્પદંશ, સારવાર દરમિયાન મોત

સુરતઃ કતારગામ આંબા તલાવડી સ્થિત હળપતિ વાસમાં રહેતો નરેશ બળવંત રાઠોડ પાણીની બોટલની ડિલિવરીનું કામ કરતો હતો. છેલ્લા પાંચ દિવસથી તે હાથી મંદિર રોડ નજીક તાપી કિનારે રહેતા પોતાના મિત્ર મયુરના ઘરે રોકાયો હતો. ૨૬ જુલાઈની રાત્રે નરેશ ઊંઘમાં હતો ત્યારે તેના જમણા પગે સાપે ડંખ માર્યો હતો. તુરંત જ તેને સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જોકે સારવાર દરમિયાન નરેશનું મોત થયું હતું. બનાવ અંગે પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

પુરુષમિત્ર સાથે મળી પતિની હત્યા કરનાર પત્નીની જામીન અરજી નામંજૂર

સુરતઃ ચોકબજાર પોલીસ સ્ટેશને નોંધાયેલાં પતિના હત્યા કેસમાં આરોપી પત્નીની જામીન અરજી કોર્ટે નામંજૂર કરી હતી. આરોપી પત્ની ચાંદની તીર્થરાયેએ પોતાનાં પુરુષમિત્ર સુલભ સિંહે સાથે મળી કાવતરું રચી પતિ જાનમેજયકુમારને બીજા માળેથી ફેંકી દઈ અકસ્માત મોતમાં ખપાવવાનો ઈરાદો હતો. પરંતુ પતિ જીવતો હોય ગળાનાં ભાગે તિક્ષ્ણ હથિયારનાં ઘા ઝીંકી હત્યા કરી હતી. આ કેસમા ચોક બજાર પોલીસે ગુનો નોંધાયો હતો અને આરોપી પત્ની ચાંદનીની ધરપકડ કરી હતી. હાલ જેલવાસ ભોગવતાં આરોપી પત્નીએ જામીન પર છૂટવા માટે સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. આ અરજી સંદર્ભે બંન્ને પક્ષની દલીલો સાંભળ્યા બાદ એડિશનલ સેશન્સ કોર્ટના જજ અમિતકુમાર નરેન્દ્રભાઈ દવેએ ચાંદની દ્વારા કરવામાં આવેલી જામીન અરજી ફગાવી દીધી હતી.

ચાર કરોડના ચેક રિટર્ન કેસમાં જમીન લે-વેચ કરનારને સજા

સુરતઃ નાનપુરાના ફરીયાદી બિલાલ અહમદ અબ્દુલ હમીદ ઈંટવાલાએ એડવોકેટ કમલેશ રાવલ, દિવ્યા ચૌધરી મારફતે આરોપી મોહંમદ ઈરફાન શેખ સામે ફરિયાદ કરી હતી. વિદેશમાં વસતાં નવસારી ખેરગામનાં રહીશની જમીનનો સોદો પાવરદાર ફરિયાદી અને આરોપી વચ્ચે થયો હતો. જે અંગે આરોપીએ આપેલાં ચેકો રિટર્ન થયાં હતાં. ફરિયાદ પક્ષે એડવોકેટ કમલેશ રાવલ કેસ પુરવાર કરવામાં સફળ થતાં કોર્ટે આરોપીને એક વર્ષની કેદની સજા અને ચેકની રકમ વ્યાજ સાથે ચૂકવવા હુકમ કર્યો હતો.

કતારગામમાં આર્થિક સંકડામણથી કંટાળી યુવકે ફાંસો ખાધો

સુરતઃ કતારગામ વિસ્તારમાં રહેતા રત્નકલાકારે દેવાના બોજ અને આર્થિક સંકડામણથી કંટાળીને ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે. મૂળ ભાવનગર જિલ્લાના જલિયા ગામના વતની કાર્તિક ધીરુભાઈ મેર હાલ કતારગામની વૃંદાવન સોસાયટીમાં પત્ની સાથે રહેતો હતો અને હીરાના કારખાનામાં કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. ત્રણ વર્ષ પહેલાં તેના લગ્ન થયા હતા. ગઈકાલે સાંજે કાર્તિકે પોતાના ઘરે ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં તેને દેવું વધી જતાં આર્થિક મુશ્કેલીના કારણે તેણે આ પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે.

કતારગામમાં કરિયાણાની દુકાનમાં ચોરી કરનાર પકડાયો

સુરતઃ મૂળ ભાવનગરના વતની અને હાલ કતારગામ મણિનગર સોસાયટીમાં રહેતા 31 વર્ષીય કુલદીપકસિંહ ઘનશ્યામભાઈ ખેરડિયા કતારગામ ઉદ્યનગર-1 ખાતે અમરદીપ જનરલ સ્ટોર નામે કરિયાણાની દુકાન ચલાવે છે. ગત તા. 20મીએ રાત્રે દુકાનમાંથી રૂ. 60,000 રોકડા ચોર થયા હતા જેમાં પોલીસે અશ્વિન ઉર્ફે ભાણો ભરતભાઈ ખેરાળા (ઉ.વ.24, રહે., વિક્રમનગર-4, સીતાનગર, પુણાગામ, સુરત, મૂળ સાતપડા, તા. પાલીતાણા, જિ. ભાવનગર)ની ધરપકડ કરી છે.

ખોબલે ખોબલે મત આપનારા પૂર પીડિતોનો આક્રોશઃ સુરતના કોર્પોરેટરો સોશિયલ મીડિયામાં 'કઠેડા'માં!

'જનઆંદોલનમાં અમારી સાથે છો કે નહીં?'

સ્થાનિક કોર્પોરેટરો સામે પૂર પીડિતોનો બળાપો, સોશિયલ મીડિયામાં 'કઠેડા અભિયાન'થી રાજકીય ગરમી

સુરતઃ સુરત મનપાની ચૂંટણીમાં વિશ્વાસ મૂકીને પ્રજાએ ખોબલે ખોબલે મત આપીને જે કોર્પોરેટરોને સત્તાના સિંહાસને બેસાડ્યા હતા, માત્ર ત્રણ જ મહિનામાં એ જ પ્રજાનો ધીરજનો રેમ તૂટી પડ્યો છે. છેલ્લા 15 દિવસમાં બે-બે વાર મીઠી ખાડીના પૂરે હજારો પરિવારોનું જનજીવન અસ્તવ્યસ્ત કરી નાખતા, હવે વર્ષો જૂના પોકળ વચનો અને બેઠકોના નાટકથી કંટાળેલી જનતા સીધો હિસાબ માગવા રસ્તા પર અને સોશિયલ મીડિયા પર ઉતરી આવી છે. સ્થાનિકો અને વેપારીઓનો ગંભીર આક્ષેપ છે કે તંત્ર દર વખતે એ જ જૂની સ્ક્રિપ્ટ મુજબ 'ઉચ્ચ સ્તરીય બેઠકો', 'સર્વે' અને 'મોટી મોટી જાહેરાતો' કરીને સંતોષ માની લે છે. કાયમી ઉકેલ આજે પણ નથી.

સોશિયલ મીડિયામાં ડિજિટલ પ્રહારઃ કોર્પોરેટરોને જેલના સળિયા અને કઠેડામાં દર્શાવાયા

સ્થાનિકોએ શરૂ કરેલા આ ડિજિટલ અભિયાનમાં પોતાના જ ચૂંટેલા પ્રતિનિધિઓ - વોર્ડ નં. 18ના દિનેશભાઈ રાજપૂરોહિત અને દીપકભાઈ રબારી તેમજ વોર્ડ નં. 19ના પટેલ નાગરભાઈ અંબારામભાઈ અને અશોકભાઈ શાહને સીધા નિશાન પર લીધા છે. વાયરલ થઈ રહેલા પોસ્ટરોમાં આ નેતાઓને જેલના સળિયા પાછળ અને કઠેડામાં ઊભા દર્શાવીને પ્રજાનો ભારે ઉકળાટ વ્યક્ત કરાયો છે. પોસ્ટરોમાં કોઈ લાંબી સ્પષ્ટતાનો અવકાશ રખાયો નથી, માત્ર એક જ સીધો અને આકરો સવાલ પૂછવામાં આવ્યો છેઃ 'ખાડી પૂર સામેના જનઆંદોલનમાં અમારી સાથે છો કે નહીં? હવે ભાષણ કે આશ્વાસન નહીં, માત્ર 'હા' કે 'ના'માં જવાબ જોઈએ છે!' પોસ્ટરોમાં તંત્ર અને નેતાઓ સામે આકરા પ્રહારો કરતા સંદેશાઓ લખાયા છેઃ '10 વર્ષથી પ્રશ્ન યથાવત... હવે વધુ નહીં ચાલે!' 'સહનની પણ એક હદ હોય છે.' 'મત લીધા ત્યારે યાદ હતા, હવે પૂર પીડિતો કેમ યાદ નથી?'

જનતાની બે સ્પષ્ટ અને આકરી માંગણીઓ

» મીઠી ખાડીનું પાણી ડાયવર્ટ કરોઃ વાલક પાટિયા પાસે મીઠી ખાડીના વધારાના પાણીને કાયમી તાપી નદી તરફ ડાયવર્ટ કરવાની યોજના તાત્કાલિક અસરથી અમલમાં મૂકવામાં આવે.
» ગેરકાયદે દબાણો દૂર કરોઃ મિલેનિયમ-4 માર્કેટ દ્વારા ખાડી પર કરવામાં આવેલા ગેરકાયદે અતિક્રમણને તાત્કાલિક દૂર કરી ખાડીને તેની મૂળ પહોળાઈમાં લાવવામાં આવે, જેથી પાણીનો સરળતાથી નિકાલ થઈ શકે.

ટૂંક સમયમાં મોટું જનઆંદોલન ફાટી નીકળવાની ચીમકી

જો આગામી દિવસોમાં મનપા તંત્ર અને ચૂંટાયેલા કોર્પોરેટરો આ માંગણીઓ પર નક્કર પગલાં નહીં ભરે અને ખુલ્લેઆમ જનઆંદોલનને સમર્થન નહીં આપે, તો સોશિયલ મીડિયા પર શરૂ થયેલો આ આક્રોશ ખૂબ જલ્દીથી રસ્તાઓ પર વિશાળ જનઆંદોલનનું રૂપ ધારણ કરશે. હવે લડાઈ માત્ર પાણી ભરાવાની નથી, પરંતુ પ્રજાના તૂટેલા વિશ્વાસ અને પ્રતિનિધિઓની જવાબદારી નક્કી કરવાની છે.

ખાડીપૂર અને આગ, ઓનલાઈન વેપારી પર બેવડી આફતનો માર!

નાના વરાછામાં એક સાથે પાંચ ગોડાઉન આગની ઝપેટમાં આવી ગયાં, છ કલાકે આગ કાબૂમાં આવી

સુરતઃ સુરતના ઓનલાઈન વેપારીઓ માટે છેલ્લા 20 દિવસ જાણે આફતોની હારમાળા બનીને આવ્યા છે. હજુ તો માંડ થોડા દિવસો પહેલાં આવેલી ખાડીપૂરની આફતમાં લાખો રૂપિયાનો માલસામાન પાણીમાં ગરકાવ થતાં વેપારીઓ કમરતોડ ફટકામાંથી બહાર આવવાનો પ્રયાસ કરી રહ્યા હતા, ત્યાં જ નાના વરાછા યોગીચોક નજીક ચિકુવાડી સ્થિત નીલકંઠ કેમ્પસમાં ફાટી નીકળેલી ભીષણ આગે તેમની બચેલી-કુચેલી આશાઓ પણ રાખ કરી દીધી છે. એક તરફ પાણીની આફતે મૂડી ડૂબાડી અને બીજી તરફ આગે બચેલું પણ ભસ્મીભૂત કરી નાખતા વેપારીઓની આર્થિક સ્થિતિ અત્યંત કફોડી બની ગઈ છે.

અડધી રાત્રે આકાશમાં ધુમાડાના ગોટેગોટા અને અફરાતફરી

સોમવારે મોડી રાત્રે 3:33 વાગ્યે સુમારે નીલકંઠ કેમ્પસમાં પતરાના શેડમાં ઓનલાઈન પ્રોડક્ટના એક ગોડાઉનમાં અચાનક શંકાસ્પદ સંજોગોમાં આગ ફાટી નીકળી હતી. આગે એટલું વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું કે નજીકના અન્ય ત્રણથી ચાર ગોડાઉનો પણ આગની લપેટમાં આવી ગયા હતા. દૂર-દૂર સુધી ધુમાડાના ગોટેગોટા દેખાતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

9 કલાકની ભારે જહેમત બાદ આગ પર કાબૂ

ફાયર બ્રિગેડની ટીમે સતત છ કલાક સુધી પાણીનો આકરો મારો ચલાવીને આગને વધુ ફેલાતી અટકાવી હતી. ત્યારબાદ વધુ ત્રણ કલાક સુધી કુલિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ફાયર વિભાગની સમયસૂચકતાને કારણે કેમ્પસના અન્ય પાંચ ગોડાઉનોને સળગતા બચાવી લેવાયા હતા આગમાં કરોડોનો જથ્થો બળીને રાખ થઈ ગયો હતો.

ફાયર સેફ્ટી વિના ગેરકાયદે ગોડાઉનો? ભ્રષ્ટાચારી તંત્રને કશી પડી જ નથી

ફાયર વિભાગની પ્રાથમિક તપાસમાં અતિ ચોંકાવનારો ખુલાસો થયો છેઃ કેમ્પસમાં એક જ જગ્યાએ નવ જેટલા પતરાના શેડ બનાવીને ગેરકાયદેસર રીતે ગોડાઉનો ઊભા કરવામાં આવ્યા હતા. આ ગોડાઉનો માટે મનપા કે સંબંધિત તંત્ર પાસેથી જરૂરી કોઈ મંજૂરીઓ લેવાઈ નહોતી. ગોડાઉનમાં ફાયર સેફ્ટીના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું. મોટી માત્રામાં જ્વલનશીલ સામગ્રીનો બિનઅધિકૃત સંગ્રહ જ આ હોનારતનું મુખ્ય કારણ બન્યો હોવાનું સામે આવી રહ્યું છે. સર્વસ્વ ગુમાવી ચૂકેલા વેપારીઓ હવે એક જ સવાલ પૂછી રહ્યા છે કે - જો સમયસર આ ગેરકાયદે શેડ સામે તંત્રએ કાર્યવાહી કરી હોત કે નિયમોનું પાલન કરાવ્યું હોત, તો અમારી જીવનભરની મૂડી બચી ગઈ હોત.

અમને પણ વેરા રાહત અને નુકસાનનું વળતર નહીં મળે તો રસ્તા પર આવી જઇશું

ખાડીપૂરથી 400થી વધુ પાર્ટી પ્લોટ તબાહ, મનપાએ સરવે પણ ન કર્યો!

ઘરો-દુકાનો બાદ હવે લગ્ન ઉદ્યોગની પણ વ્યથા; હજારો લોકોની રોજીરોટીનો સવાલ વળતર, વેરામાફી અને સરવેની માંગ ઊઠી

સુરતઃ ખાડીપૂરની આફતે માત્ર ઘરો, દુકાનો અને નાના વેપારીઓને જ નહીં, પરંતુ શહેરના લગ્ન ઉદ્યોગને પણ કરોડો રૂપિયાનું નુકસાન પહોંચાડ્યું છે. સુરત શહેરના 400થી વધુ પાર્ટી પ્લોટોમાં પાણી ઘૂસી જતાં મંડપનો સામાન, ફર્નિચર, જનરેટર, ઇલેક્ટ્રિકલ સાધનો, ડેકોરેશન સામગ્રી અને ગાર્ડન સહિતની વ્યવસ્થા તબાહ થઈ ગઈ હતી. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે પૂરગ્રસ્ત વિસ્તારોમાં અનેક વર્ગો માટે રાહત, સર્વે અને સહાયની જાહેરાતો થઈ, પરંતુ પાર્ટી પ્લોટ સંચાલકો માટે આજદિન સુધી નુકસાનનો સત્તાવાર સરવે પણ કરવામાં આવ્યો નથી.

આક્ષેપ છે કે કરોડો રૂપિયાનો વ્યવસાય ધરાવતા અને હજારો લોકોને રોજગારી આપતા આ ઉદ્યોગને તંત્રે જાણે નજરઅંદાજ કર્યો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. પરિણામે સુરત પાર્ટી પ્લોટ એસોસિએશન હવે ન્યાય માટે સરકાર અને મનપાના દ્વારે પહોંચ્યું છે. એસોસિએશને જણાવ્યું હતું કે 7 જુલાઈ, 2026ના રોજ પડેલા આશરે 14 ઈંચ વરસાદ અને ખાડીપૂરના કારણે શહેરના મોટાભાગના પાર્ટી પ્લોટોમાં પાંચથી છ ફૂટ સુધી પાણી ભરાઈ ગયું હતું. પાણીનો નિકાલ થવામાં બે-બે દિવસ લાગતા મંડપનો સામાન, સાઉન્ડ સિસ્ટમ, લાઇટિંગ, ફર્નિચર, જનરેટર, ડેકોરેશન સામગ્રી અને ગાર્ડનને ભારે નુકસાન થયું હતું. અનેક સ્થળોએ બુકિંગ રદ કરવાના વારા આવ્યાં હતા, જેના કારણે આર્થિક ફટકો બમણો બન્યો હતો. સુરત પાર્ટી પ્લોટ એસોસિએશનના પ્રતિનિધિમંડળે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, મેયર માયાબેન માવાણી, મનપા કમિશનર એમ. નાગરાજન, ડેપ્યુટી મેયર સુધાકર ચૌધરી અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રાજન પટેલને રજૂઆત કરીને અસરગ્રસ્ત પાર્ટી પ્લોટોને તાત્કાલિક રાહત આપવા માંગ કરી હતી. એસોસિએશનનો આક્ષેપ છે કે પૂર બાદ મનપાએ અનેક વિસ્તારોમાં નુકસાનનો સરવે કરીને વેરામાં રાહત જેવી જાહેરાતો કરી હતી, પરંતુ પાર્ટી પ્લોટ ઉદ્યોગને કોઈપણ પ્રકારની રાહત યોજના હેઠળ સામેલ કરવામાં આવ્યો નથી.

પાર્ટી પ્લોટ સંચાલકોની મુખ્ય માંગણીઓ

» અસરગ્રસ્ત તમામ પાર્ટી પ્લોટોનું સ્થળ પર સર્વેક્ષણ કરીને યોગ્ય નુકસાનનું વળતર ચૂકવવામાં આવે.
» મિલકત વેરા તથા અન્ય મહાનગરપાલિકાના વેરા અને ચાર્જમાં વિશેષ રાહત અથવા સંપૂર્ણ માફી આપવામાં આવે.
» વરસાદી પાણીના ઝડપી નિકાલ માટે ડ્રેનેજ અને સ્ટોર્મ વોટર સિસ્ટમમાં કાયમી સુધારા કરવામાં આવે.
» સરકાર અને મહાનગરપાલિકાની તમામ ઉપલબ્ધ રાહત યોજનાઓનો લાભ પાર્ટી પ્લોટ સંચાલકોને પણ આપવામાં આવે.

છ ફૂટ પાણીમાં આખો પ્લોટ ડૂબી ગયો, 48 કલાક પછી પાણી ઊતર્યું : જીતેન્દ્રભાઇ શેખડા

નાના વરાછા આઇકોનિક રોડ પર આવેલા રાધે ફાર્મના સંચાલક જીતેન્દ્રભાઈ શેખડાએ જણાવ્યું કે, 7 જુલાઈના અતિભારે વરસાદમાં મારા પાર્ટી પ્લોટમાં અંદાજે છ ફૂટ પાણી ભરાઈ ગયું હતું. પાણીનો નિકાલ થવામાં 48 કલાકથી વધુ સમય લાગ્યો. જેના કારણે મંડપનો સંપૂર્ણ સામાન બગડી ગયો. હવે મનપા વહેલી તકે સર્વે કરીને અમને યોગ્ય રાહત આપે તેવી અપેક્ષા છે.

હજારો પરિવારોની રોજીરોટીનો પ્રશ્ન, રાહત પેકેજ આપો : અલ્પેશ રીબડીયા

સુરત પાર્ટી પ્લોટ એસોસિએશનના મંત્રી અલ્પેશભાઈ રીબડીયા એ જણાવ્યું કે, અતિભારે વરસાદ અને ખાડીપૂરના કારણે સમગ્ર શહેરના પાર્ટી પ્લોટોમાં મંડપના સામાનને ભારે નુકસાન થયું છે. હજારો પરિવારોની આજીવિકા આ ઉદ્યોગ સાથે જોડાયેલી છે. મનપા તાત્કાલિક સર્વે કરીને રાહત પેકેજ જાહેર કરે અને મિલકત વેરો માફ કરે તેવી અમારી માંગ છે.

સારોલીના કાપડ વેપારી સાથે રૂ.8.87 લાખની ઠગાઈ

10 લાખનું સિન્થેટિક કાપડ મગાવ્યા બાદ રૂ.1.25 લાખ આપ્યા, બાકીની રકમ ન ચૂકવતા સારોલી પોલીસ મથકમાં ગુનો નોંધાયો

સુરતઃ વેસુ વિસ્તારમાં રહેતા અને સારોલી ખાતે 'વિજય લક્ષ્મી ફેબ્રિક્સ' નામે ગોડાઉન ધરાવી કાપડનો વેપાર કરતા વેપારી સાથે રૂ. 8,87,698ની છેતરપિંડી થઈ હોવાનો બનાવ સામે આવ્યો છે. આ મામલે રિંગ રોડ સ્થિત 'આસ્થા ફેબ્રિક્સ'ના પ્રોપ્રાઈટર જ્ઞાનચંદ ભગવાનદાસજી ભટ્ટર વિરુદ્ધ સારોલી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

વેસુના શ્યામ બાબા મંદિર પાસે આવેલી સંગિની વેદાંતામાં રહેતા અને રાધા ક્રિષ્ના ટેક્ષટાઈલ્સ માર્કેટમાં ઓફિસ ધરાવતા મૂળ રાજસ્થાનના નરેશભાઈ સંપતરાજજી ચોપરા (ઉ.વ. 44) કાપડના હોલસેલ વેપાર સાથે સંકળાયેલા છે. ફેબ્રુઆરી 2023માં તેમની મુલાકાત રિંગ રોડ પર આવેલી આર.કે.ટી. માર્કેટમાં 'આસ્થા ફેબ્રિક્સ' નામે વેપાર કરતા જ્ઞાનચંદ ભટ્ટર સાથે થઈ હતી. નરેશભાઈ ચોપરાએ પોતાના સારોલી સ્થિત ગોડાઉનમાંથી તા. 16 માર્ચ 2023થી તા. 7 ઓક્ટોબર 2023 દરમિયાન અલગ-અલગ બિલ મારફતે કુલ રૂ. 10,12,698ની મત્તાનો સિન્થેટિક કાપડનો માલ જ્ઞાનચંદની પેઢીના જીએસટી નંબર પર મોકલી આપ્યો હતો. જે સામે રૂ. 1,25,000ની ચૂકવણી કરી હતી. પરંતુ, ત્યારબાદ બાકી નીકળતા રૂ. 8,87,698નું પેમેન્ટ માટે વારંવાર ઉઘરાણી કરી, ત્યારે આરોપી વાયદાઓ કરીને સમય પસાર કરવા લાગ્યો હતો. આખરે આરોપીએ વેપારીના ફોન ઉપાડવાના બંધ કરી દીધા હતા. વેપારીએ રૂબરૂ દુકાને જઈને ઉઘરાણી કરતા કોઈ યોગ્ય જવાબ આપ્યો નહોતો. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતાં નરેશભાઈ ચોપરાએ સારોલી પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી હતી. પોલીસે જીએસટી બિલની નકલોના આધારે જ્ઞાનચંદ ભટ્ટર સામે કાયદેસરનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

નક્ષત્ર સેફ વોલ્ટ તોડનાર સંચાલક પિતા-પુત્ર સહિત ચારની ધરપકડ

નક્ષત્ર સેફના સંચાલક પિતા-પુત્રએ લોકર બ્રેકરની મદદથી લોકર તોડ્યાં હતાં

CCTV ફૂટેજ માંગતા હાર્ડ ડિસ્ક ઊડી ગયાનું બહાનું બતાવ્યું હતું

સુરતઃ સિંગણપોર કોઝવે રોડ પર આવેલા 'નક્ષત્ર સેફ વોલ્ટ'માં ગ્રાહકોના સેફ લોકર તોડીને કુલ ૨૦૬ તોલા સોનાના દાગીના (કિંમત રૂ. ૨.૬૭ કરોડ)ની ચોરી કરી વિશ્વાસઘાત કરવાની ઘટના બની હતી.

આ ઘટનામાં સેફ વોલ્ટના સંચાલક પિતા-પુત્રો હર્ષ મહેશભાઈ દિયોરા, તેના પિતા મહેશભાઈ ડાહ્યાભાઈ દિયોરા, મોટા ભાઈ હરિકૃષ્ણ મહેશભાઈ દિયોરા (તમામ રહે. આનંદ વાટિકા, સરદાર બ્રીજની બાજુમાં, સ્વામીનારાયણ મંદિર પાસે, અડાજણ રોડ, સુરત મૂળવતન-તરપાળા ગામ, તા.ઉમરાળા, જિ.ભાવનગર) તથા લોકર બ્રેકર મણીભાઈ રાજાભાઈ ચૌહાણ (રહે.રાધિકા પાર્ક સોસાયટી, એમોરીના માર્કેટની બાજુમાં, પુણા ગામ, મૂળ વતન- વિરોલ, તા- સોજીત્રા, જિ. આંણદ)ની ધરપકડ કરી છે. પોલીસે ગુનામાં વપરાયેલા સાધનો અને પુરાવા કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

ડુપ્લિકેટ ચાવી બનાવી એક વર્ષ સુધી ચાલતી રહી ચોરી

આરોપીઓએ લોકરની સુરક્ષા વ્યવસ્થામાં રહેલી ખામીઓનો લાભ લઈને ડુપ્લિકેટ ચાવી તૈયાર કરી હતી. પૂછપરછ દરમિયાન સામે આવ્યું કે છેલ્લા એક વર્ષથી જરૂરિયાત મુજબ અલગ-અલગ ગ્રાહકોના લોકર ખોલી તેમાં રહેલો સામાન કાઢવામાં આવતો હતો. એક સાથે મોટી ચોરી કરવાને બદલે થોડા-થોડા હપ્તામાં માલ કાઢવામાં આવતા લાંબા સમય સુધી કોઈને શંકા પણ ન ગઈ. હાલ અન્ય બ્રાન્ચોમાં પણ ચોરી થઈ છે કે કેમ તેની તપાસ ચાલી રહી છે.

કોર્ટે એક દિવસનાં રિમાન્ડ મંજૂર કર્યા

ઝડપાયેલા આરોપીઓ સામે પોલીસે કોર્ટમાં સાત દિવસના રિમાન્ડની માંગ કરી હતી, પરંતુ કોર્ટે માત્ર એક દિવસના રિમાન્ડ જ મંજૂર કર્યા છે. પોલીસનું કહેવું હતું કે આ કેસમાં મોટો ગોટાળો બહાર આવી શકે છે અને સોનાના દાગીના ક્યાં વેચાયા તેમજ અન્ય સંડોવાયેલા લોકો સુધી પહોંચવા માટે લાંબા રિમાન્ડની જરૂર છે. તેમ છતાં કોર્ટએ હાલ પ્રાથમિક તબક્કે એક દિવસનો જ રિમાન્ડ આપ્યો છે. હવે આ ટૂંકા સમયગાળામાં જ પોલીસને મહત્વપૂર્ણ પુરાવા એકત્ર કરવા અને આરોપીઓ પાસેથી ચોક્કસ માહિતી મેળવવાનો પડકાર રહેશે.

શેરબજારમાં રૂ.3 કરોડ ગુમાવ્યા બાદ ઘડાયો કાવતરાનો પ્લાન

પોલીસ તપાસમાં સમગ્ર ચોરીકાંડ પાછળનું મુખ્ય કારણ શેરબજારમાં થયેલું ભારે નુકસાન હોવાનું સામે આવ્યું છે. ડીસીપી રાઘવ જૈનના જણાવ્યા મુજબ, સેફ હાઉસના સંચાલકના પુત્ર હર્ષે શેરબજારમાં અંદાજે રૂ.3 કરોડનું નુકસાન ભોગવ્યું હતું. આ નુકસાનની ભરપાઈ કરવા માટે તેણે ગ્રાહકોના લોકરમાં રહેલી કિંમતી મિલકત પર નજર દોડાવી હતી. શરૂઆતમાં કોઈને શંકા ન જાય તે રીતે થોડો-થોડો માલ કાઢવાનું આયોજન કરાયું હતું. ધીમે-ધીમે ચોરીનો વ્યાપ વધારતા કરોડોની કિંમતના દાગીના અને રોકડ ગાયબ કરવામાં આવ્યા હતા. પોલીસનું માનવું છે કે આ ગુનો કોઈ એક દિવસમાં નહીં, પરંતુ લાંબા સમયથી ઘડાયેલા આયોજનનું પરિણામ છે.

બૅંક ઑફ બડૌદા Bank of Baroda
વાંઝણા શાખા : મુ. અને પોસ્ટ. વાંઝણા, જી. નવસારી– ૩૯૫૫૦૦
મો નં. ૯૪૭૬૯૦૭૭૭
Email : vanzan@bankofbaroda.com

પરિશિષ્ટ–૪ [જુઓ રૂલ ૮(૧)] કબજા નોટિસ

નીચે સહી કરનાર **બૅંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તા દ્વારા **તા.૦૩.૦૭.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવી **દેવાદારો/ગીરવેદાર શ્રી જેનીશકુમાર ભરતભાઈ રાઠોડ અને શ્રીમતી ભુમીકા ભરતભાઈ રાઠોડ** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂ.૧૭,૬૬,૧૭૩.૦૦ (અંકે રૂ. સત્તર લાખ છાસઠ હજાર એકસો ત્રોતેર પુરા) તા.૧૩.૦૬.૨૦૨૫** ના રોજના **(તા.૦૮.૦૬.૨૦૨૫** સુધીના વ્યાજ સહિત) અને વધારાનું વ્યાજ આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો/ગીરવેદાર આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદારો/ગીરવેદાર અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે અધિકૃત અધિકારી આ ધારા ૧૩(૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તા.૨૭મી જુલાઈ ૨૦૨૬** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબજો મેળવેલ છે.

દેવાદારનું ધ્યાન દોરવામું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ દેવાદારો/ગીરવેદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બૅંક ઓફ બરોડા** ની રકમ **રૂ. ૧૭,૬૬,૧૭૩.૦૦ (અંકે રૂ. સત્તર લાખ છાસઠ હજાર એકસો ત્રોતેર પુરા) તા.૩૦.૦૩.૨૦૨૬** ના રોજના **(તા.૧૯.૦૯.૨૦૨૫** સુધીના વ્યાજ સહિત) અને વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ સંપૂર્ણ ચુકવણી સુધીનાને આધિન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે વિશાલ નગર નો પ્લોટ નં. એ–૧૩૫ પ્લોટેડ એરીયા ૫૦.૩૨૯૯ ચો.મીટર, પ્લોટેડ એરીયા ૨૩.૬૮ ચો.મીટર. કોમન પ્લોટ અને રોડ નું કુલ માપ ૭૪ ચો.મીટર, રેવન્યુ બ્લોક/સર્વે નં. ૧૮૩૫ જુનો બ્લોક સર્વે નં. ૫૪૩/પૈકી ૬ ગામ. ઈટળવા, તા અને જી. નવસારી ખાતે શ્રી જેનીશકુમાર ભરતભાઈ રાઠોડ ના નામે આવેલ છે. **જેની ચતુર્દિશા : પૂર્વ તરફ :** જોડેનો રોડ, **પશ્ચિમ તરફ :** જોડેનોપ્લોટ નં. એ–૯૬, **ઉત્તર તરફ :** જોડેનો પ્લોટ નં. એ/૧૩૪ , **દક્ષિણ તરફ :** જોડેનો પ્લોટ નં. ૧૩૬ આવેલ છે.

તા. ૨૭/૦૭/૨૦૨૬, સ્થળ : નવસારી — અધિકૃત અધિકારી, બૅંક ઓફ બરોડા વાંઝણા શાખા, નવસાર